





ક્ષેત્રની ફરજ બજાવ્યા વિના મળે છે ભથ્થાં,
કરી જાય 'વોક-આઉટ' છતાં મળે છે ભથ્થાં,
કામ ચાલવા ન દે ધાંધલથી, મળે છે ભથ્થાં,
હાજરી પૂરી ફરે વિભાગોમાં, મળે છે ભથ્થાં,
(સાહ્યબી - સુવિધાઓ તો ખરી જ)




'ભથ્થાં વધારો'
'- નહીં તો લાંચ લેશું.'
- કર્મી કહેતો ?!
(ભ્રષ્ટાચાર બંધ કરવા પગાર વધારો)
- ધારાસભ્યશ્રી

રીંગણા લેવા,
બધા દલા ત્રવાડી -
પરો સંમત..
(વિકાસમાં આડા ફાટે...)

## ચિંતન

**યાચના હિ પુરુષસ્ય મહત્ત્વં નાશયત્યા ખિલમેવ તથા હિ ।**
**સદ્ય એવ ભગવાન પિ વિષ્ણુ વર્મિનો ભવતિ યાચિત મિચ્છત્ ॥**

'કોઇની પાસે હાથ લાંબો કરવાથી - માગણી કરવાથી - (ઉધાર-લોન) માણસનો બધો જ મહિમા-મહત્ત્વ, માન-ગૌરવનો નાશ થઇ જાય છે. નાનો થઇ જાય છે ગૌરવ-ગુમાન ગુમાવે છે.'

જૂઓને - ભગવાન વિષ્ણુ જયારે યાચક થઇ બલિરાજા પાસે યાચના કરવા ગયા ત્યારે એમને પણ વામન-બાળ સ્વરૂપ ધારણ કરવું પડ્યું.'

યાચના કરવાથી - કોઇની પાસેથી કંઇ પણ માગવાની ટેવ કે વૃત્તિ માણસને 'નાનો' બનાવે છે. આત્મગૌરવ - તેજ - સ્વાભિમાન હણાય છે. જયાં સુધી આપણા શરીરમાં તાકાત હોય કે જયાં સુધી કોઈ પણ વસ્તુ-બાબત વિના ચલાવી શકાય તેમ હોય ત્યાં સુધી 'યાચના' કર્યા વિના ચલાવી જ લેવું છે. એમાં જ ધૈર્ય અને સહનશક્તિનું ગૌરવ સચવાય છે.

યાચક - યાચના કરવાથી સામેની વ્યક્તિની નજરમાંથી નીચો પડી જાય છે. અહીં ભગવાન વિષ્ણુ - બલિરાજા પાસે ત્રણ પગલાં જમીનની યાચના માટે ગયા ત્યારે એમને 'નાના' થઇ 'બટુક' સ્વરૂપે જવું પડ્યું હતું.

જો કે એ ઘટનાના સંદર્ભ જુદો છે પણ - યાચકને વામન થવું પડે એટલું જ સમજવાની જરૂર છે.

## સુવિચાર

- જે લોકો ખરેખર એકબીજાને પૂરેપૂરો અને સચ્ચાઇથી ચાહે છે.. તેઓ દુનિયાના સૌથી સુખી લોકો છે - **મધર ટેરેસા**
- ભય કરતાં એના વિશેની કલ્પનાઓ વધારે ખતરનાક છે.. આ સત્ય સમજી લેવાય તો નિર્ભયતા કેળવવાનું અઘરું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જે પોતાની 'આજ' ને સંભાળે છે એના માટે આવતીકાલનું નિયંત્રણ સરળ બની જાય છે - **મુંબઇ સમાચાર**
- કોઇ પણ માણસમાં માનવતા જગાડવી હોય તો એને માનવતાના સ્પર્શ વડે જ જગાડી શકાય - **ઇન્દુ ચાચા**
- સારા કામ કરનારે ધીરજપૂર્વક એની પ્રવૃત્તિને ચાલુ રાખવી જોઇએ, બાહ્ય પરિણામ આવે ત્યારે ખરું, પણ સદક્રિયા પોતે જ એનું સુપરિણામ છે - **ક્રાંતિ ભટ્ટ**
- સ્વસ્થ કુટુંબજીવન એ સ્વસ્થ સમાજજીવનની આધારશીલા છે - **જય ભિખ્ખુ**
- તર્કથી જીતનારને તર્કથી હરાવનારો અવશ્ય મળે જ છે - **ઝેન કથન**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજે સમાજમાં એવો જ અન્યાય જોવા મળે છે કે સંત દુઃખી થઇ માર ખાતો હોય અને દંભી-જુઠ્ઠા માણસો સત્તા-પદ પર પૂજાતા હોય છે. છળકપટ-વાણી પ્રપંચ-દંભી લોકો સાચા ઠરે છે. સરળ-શાંત ખોટા ઠરે છે.

રાજા શિકારે જતો હતો - હજુ તો દરબારના દ્વારથી નિકળ્યો કે સામે નસરૂદ્દીન દેખાયો એણે કુર્નીસ બજાવી. રાજાને આંખ મળી પણ - લાલ થઇ ગઇ હતી. રાજાએ મંત્રીને કહ્યું, આ અપશુકનિયાળને જેલમાં પૂરી માર મારો! સૈનિકો મુલ્લાંને ઉપાડી ગયા - માર મારી જેલમાં પૂર્યો.

આ તરફ રાજા જંગલમાં જતાં જ ધાર્યા શિકાર મળી ગયા અને ખૂબ જ આનંદ થયો. રસ્તામાં જ વિચાર આવ્યો. આજે તો દ્વાર પર 'નસરૂદ્દીન' ના શુકન થયાં હતા. ખરેખર તો એ શુકનિયાળ જ નિવડ્યો. રાજાએ એને દરબારમાં હાજર કરવા આદેશ કર્યો.

રાજાએ કહ્યું - મુલ્લાં તમે તો ખરેખર શુકનિયાળ છો. મારી ભૂલ થઇ કે તમને સજા કરી.

પાટાપીંડી સાથે દુખતા શરીરે કહ્યું, હાં જહાંપનાહ! મસ્જિદથી નિકળ્યો કે તરત મેં આપના જ દર્શન કર્યા..

હું માર ખાતાં એ જ વિચાર કરતો હતો કે આજે સવારનાં પ્હોરમાં મેં કોનું મોઢું જોઇ લીધું?!

**Email - sureshchandrabhatt18@gmail.com**

# ભાવનાશીલ વ્યક્તિના અંતરમાં સમબુદ્ધિ હોય છે, બુદ્ધિ તીક્ષ્ણતા તો ઘણામાં હોય છે, પરંતુ શકુનિ જેવી બુદ્ધિ ધરાવતાં લોકો સદાય અન્યને નુકશાન કરવાનું જ વિચારે છે

## સંસ્કાર - ચિંતન

- અનંત ન. વ્યાસ

યા શ્રીઃ સ્વયં સુકૃતિનાં ભવનેષ્વલક્ષ્મી
પાપાત્માનાં, કૃતધિયાં હૃદયેષુ બુદ્ધિઃ
શ્રદ્ધાં સતાં કુલજનપ્રભવસ્ય લજ્જા
તાં ત્વાં નતાઃ સ્મ, પરિપાલય દેવી વિશ્વમ્ ॥

જે દેવી, પોતે પુન્યશાળી જનો માટે લક્ષ્મી-સ્વરૂપા છે. પાપીઓ માટે અલકમીરૂપા, શુદ્ધ-મતિના સુજનો માટે, હૃદય સ્થાને રહેલ બુદ્ધિ સ્વરૂપા છે. સાધુ-જનો માટે એ શ્રદ્ધા છે. કુલિન સ્ત્રીઓ માટે લજ્જા છે. આ દેવીને નમસ્કાર હે દેવી તમો વિશ્વનું પાલન કરો.

દેવી - સ્તુતિ (શુક્રાધ્ય સ્તોત્ર)

માર્કન્ડેય પુરાણમાં આ કથા છે. રંભ-દાનવનો પુત્ર મહિષાસુર અતિ તેજસ્વી અને શૂરવીર હતો. તેણે લાંબો સમય તપ કરી વરદાન મેળવેલું કે તેનું મરણ મહિલા દ્વારા જ થાય. આવા વરદાનના બળે તેણે દેવોને હરાવ્યા દેવો તો નિયમ પ્રમાણે બ્રહ્માને શરણે ગયા. જયાં બ્રહ્માએ સૌ પ્રથમ એક નારી સ્વરૂપ ઘડ્યું. ત્યારપછી તમામ દેવોને આ મૂર્તિમાં પોતાનું સત્વ અર્પણ કરવા જણાવ્યું. બધા દિવ્ય તત્ત્વોના સમુચ્ચયથી પ્રગટ થયેલા આ દેવી - સેવરૂપે સિંહ પર બેસી મહિષાસુર સામે યુદ્ધ કર્યું. યુદ્ધના અંતે મહિષનો વધ થયો. તમામ દેવોના તેજથી વિભૂષિત એવા એ નારી - સ્વરૂપે સિંહ પર બેસી મહિસાસુર સામે યુદ્ધ કર્યું. યુદ્ધમાં અંતે મહિષનો વધ થયો. તમામ દેવોના તેજથી વિભૂષિત એવા એ નારી - સ્વરૂપને દુર્ગા, મહાલક્ષ્મી, મહાકળી કે ચંડીના નામે સ્થાન મળ્યું. દેવોને પોતાનું રાજય પાછું મળ્યું. ઇન્દ્રના આધિપત્યમાં તમામ દેવોએ આ દેવીની સ્તુતિ કરી. આ સ્તુતિ 'શક્રાધ્ય' ના નામે જાણીતી છે. આજે પણ ઘર - આંગણએ યોજેલેના નાના મોટા યજ્ઞોમાં શ્રીફળ હોમાયા પછી 'શક્રાધ્ય' નો પાઠ ઉચ્ચ સ્વરે કરવામાં આવે છે. આ માત્ર સ્તુતિ નથી. સ્તુતિ સાથે અતિ - રમણીય કાવ્ય ત્યકતા પણ તેના પ્રત્યેક શ્લોકમાં જણાય છે. તેમાં પણ આ ચાર પંક્તિઓ તો અતિ ઉત્તમ મનાય છે. આમાં દેવીના માત્ર સાકાર - સ્વરૂપનું વર્ણન નથી. પરંતુ આ મહાદેવી કેટ-કેટલા વિવિધ સ્વરૂપો સમસ્ત સંસારમાં વ્યસ્ત છે તે જણાવાયું છે.

આ કથામાં ઘણી વિશેષતા છે. એ માત્ર સુર-અસુર સંગ્રામની કથા નથી. આતો જડવાદી વિચારસરણી, મની તથા મસલ્સ પાવર સામે સંસ્કારની, શુદ્ધતાની લડત છે. આ સંગ્રામ સમસ્ત વિશ્વના કલ્યાણ માટે રચાયો હતો. વિશ્વ - કલ્યાણની ભાવનામાં તો સ્ત્રી (શક્તિ) જ પ્રથમ સ્થાન પર આવે છે. શક્તિથી જ આ વિશ્વનું નવ સર્જન થાય છે. તેમ કલ્યાણ થાય તો વિશ્વની કોઇ પણ તાકાત તેને પડકારી ન શકે, એક જ સ્ત્રીમાં બ્રહ્માંડના તમામ દેવોનું સત્વ આજે પણ તેટલું જ વિદ્યમાન છે. દેવોએ આપેલા આ તેજને સંચેતન કરવાનું કર્મ જ સમાજનાં દૃષ્ટા સંસ્કારી પુરુષે કરવાનું છે. પણ જે દિવ્ય - સ્વરૂપે પ્રગટે છે. તે કુટુંબને, ગામને અને રાષ્ટ્રને પણ નવું ગૌરવ અપાવે છે. આપણે ત્યાં પંચ-તત્ત્વનાં પાંચ સાકાર - સ્ત્રી - સ્વરૂપો આદર્શ મનાયા છે. જેમાં ઉષા (આકાશની દીકરી) દ્રૌપદી (અગ્નિકન્યા), લક્ષ્મી (જળની દરિયાની દીકરી) પાર્વતી (પર્વતની દીકરી) તથા સીતા (પૃથ્વીની દીકરી) છે. જે માનવજાતને સૌંદર્ય, તેજ, વૈભવ, સ્થિરતા તથા સહનશીલતાનો સતત ઉપદેશ આપે છે.

દુર્ગાનું જે વિશિષ્ટ સ્વરૂપો વર્ણવાયા છે તેમાં પ્રથમ છે 'શ્રી' અથવા 'મહાલક્ષ્મી' શ્રી ધરાવનાર તે શ્રીમંત - આપણે ત્યાં પૈસાદાર - ધનવાન ઘણા છે પણ શ્રીમંતોની ખામી છે કારણ શ્રી એટલે માત્ર ધન-પૈસા નહિ 'શ્રી' એટલે સંસ્કારિત્વ સમતા, સ્નેહ તથા સોહાર્દતા સાથે દયા તથા કરૂણાભાવનું જોડાણ, જેને આપણે પારંપારિક - ભાષામાં ગર્ભ શ્રીમંત કહીએ છીએ. પુણ્યશાળી આત્મા માટે દુર્ગાનું લક્ષ્મી સ્વરૂપ તેઓના ગૃહમાં વસે છે. પરિણામ સ્વરૂપ તેવો ઘરોમાં પ્રેમ શાંતિ તથા સંતોષ વસે છે. 'સુકૃતિનો' એટલે ન્યાય નીતિના માર્ગે કમાયેલ લક્ષ્મી, આવા લોકો ધનનો મદ્ કે અહંકાર ધરાવતા નથી તેનું ધન સદાય સત્કાર્યોમાં જ વપરાતું રહે છે.

માતા દુર્ગાનું અન્ય - સ્વરૂપ એ અલક્ષ્મી છે. આવો અર્થ ગરીબી કે દરિદ્રતા તેવો નથી. પરંતુ સંસ્કારહિત વ્યક્તિ પાસે સંગ્રહિત લક્ષ્મી અલક્ષ્મી ગણાય છે. ધનવાન મનાતા આવા ઘરોમાં આળસ, ઈર્ષા તથઆ વ્યસનોની ભરમાર હોય છે. આવાં શ્રીમંતોના નબીરાઓના વિવિધ પરાક્રમો તો વારંવાર વર્તમાનપત્રોમાં વાંચવા મળે છે. પરસેવો પાડ્યા વિના આવેલી લક્ષ્મી કાયમ પતન જ નોતરે છે. ચાણક્ય કહે છે અન્યાયથી પામેલું ધન એક પેઢી ચાલે છે. મોટરમાં ફરનારા સમયાંતરે રસ્તે ચાલતા થઇ જાય છે ઘણાની તિજોરી તો ભરી હોય છે. પણ મન ખાલી હોય છે. જેનું મન ભરેલું છે તેની તિજોરી કયારેય ખાલી થતી નથી.

માતા દુર્ગાનું અન્ય સ્વરૂપ જે આપણામાં વસ્યું છે તે આપણી બુદ્ધિશક્તિ છે. 'કૃતધિયા' એટલે શુદ્ધમતિવાળી. માનવીના મનમાં તર્કો મંગલમય હોય છે. અવનવી શોધમાં લાગેલી તેની બુદ્ધિ જનહિત માટે ઉપયોગી સંશોધનો કરે છે. ભાવનાશીલ વ્યક્તિના અંતરમાં સમબુદ્ધિ હોય છે. બુદ્ધિ તીક્ષ્ણતા તો ઘણામાં હોય છે. પરંતુ શકુનિ જેવી બુદ્ધિ ધરાવતાં લોકો સદાય અન્યને નુકશાન કરવાનું જ વિચારે છે. માતા પ્રસન્ન થાય ત્યારે જ બુદ્ધિ સત્યાગામી થાય છે. ગાયત્રી મંત્રમાં પણ આપણે આપણી બુદ્ધિ સન્માર્ગે વળે, તેવી પ્રાર્થના કરતા રહીએ છીએ. બુદ્ધિ સાથે જોડાયેલ તત્ત્વ તે શ્રદ્ધા છે. માનવ - જીવનનાં પાયામાં શ્રદ્ધાનો વાસ હોય છે. સામવેદમાં પ્રાર્થના છે. 'હે શ્રદ્ધા - અમને શ્રદ્ધાવાન બનાવ.' તો ઉપનિશદમાં સનતકુમાર નારદજીને શ્રદ્ધાનું મહત્ત્વ સમજાવે છે. શ્રીમદ્ ભગવદગીતા પણ 'માણસનું વર્તન તેની શ્રદ્ધા અનુસાર હોય છે' તેમ કહે છે. આ શ્રદ્ધા એ જ માતૃસ્વરૂપા છે. 'પુણ્ય નામ સ્મરણામાં પણ' 'યા દેવી સર્વ ભૂતેષુ, શ્રદ્ધારૂપેળ સંસ્થિતાઃ ।' એમ દેવીને જ શ્રદ્ધા સ્વરૂપે ગણાવ્યા છે. સંત - પુરુષોના ચિત્તમાં પડેલી આ શ્રદ્ધા જ તેને જીવવાનું બળ પુરુ પાડે છે. આ વિશ્વ જ પરમ મંગલ ધામ છે અને અહીં જ પરમને પ્રાપ્ત કરી શકાય છે. તેવી અવિચલ શ્રદ્ધા સાધુ-પુરષો ધરાવે છે. પરંતુ શ્રદ્ધા પણ અન્ય - પ્રતિષ્ઠ હોય તો જ પવિત્ર મંગલમય હોઇ શકે, દોરા-ધાગા-બાધા - આખડી - પશુ - પક્ષીના બલિદાન કે તાંત્રિક પૂજનમાં જે શ્રદ્ધા રચાય છે તે માતાનું 'ચંડી સ્વરૂપ' છે. સામાન્ય માટે તે હાનિકારક નીવડે છે. શ્રદ્ધા અવશ્ય ફળે છે તે વાયકા છે. પરંતુ અસત્માંની શ્રદ્ધા ફળે તો પણ નુકશાન થાય. ભૂત પ્રેત પ્રસન્ન થાય તો પણ મારી જ નાખે. 'શ્રદ્ધા સતાં' એટલે સંત પુરુષોની સત્ય માટેની શ્રદ્ધા છે. જે પરમ ગતિ તથા પરમ શાંતિ આપે છે.

વર્ણવાયેલું માતાનું છેલ્લું સ્વરૂપ તો અતિ મનોહર છે. ભર્તુહરિ પ્રમાણે 'શીલ પરમ ભૂષણમ્' આ શીલ - સતચરિત કે લજ્જા - કુલિન સ્ત્રી-પુરુષોના ચિત્તમાં સદાય સજ્જાનો વાસ હોય છે. મહિલાઓ માટે તો લજ્જા જ ઘરેણું છે. સુફી સંત 'રાબિયા' ને કોઇએ પૂછ્યું, 'તમે ચહેરા પર શું લગાડો છો જેથી ચહેરો આવો સુંદર દેખાય છે તો જવાબ હતો' 'લજ્જા' લજ્જા એ પદ, પ્રતિષ્ઠા તથા વ્યક્તિ સાથે જોડાયેલ ભાવના છે. કુલિન ખાનદાન માણસો ગમે તેવી વિકટ સ્થિતિમાં પણ લાજ છોડી બેશરમ વર્તન કરતા નથી. તેઓની આંખમાં સદાય વિવેક હોય છે. તેઓની વિવેકદૃષ્ટિ જાગૃત હોય છે. લજ્જાવાન સ્ત્રી - પુરુષો સદા માનના અધિકારી બને છે. જયારે વગર-વિચારે બોલનાર કે વર્તન કરનાર તિરસ્કારને પાત્ર થાય છે. લજ્જા પણ માતા દુર્ગાનું જ સ્વરૂપ છે.

આ ચાર પંક્તિમાં મહિષ-મર્દની માતા દુર્ગાનું ચરિત્ર મધુર રીતે ગાવામાં આવ્યું છે. રચનાની દૃષ્ટિએ, ભાવાભિવ્યક્તિમાં તથા કાવ્યાત્મકતામાં આ પંક્તિઓ અતિ ઉત્તમ છે. સાથે આપણે માતા દુર્ગાને - બાહ્ય - સ્થાનોમાં શોધીએ છીએ. દર્શન માટે પગપાળા બહાર દોડીએ છીએ. એ કરતાં આપણામાં જ લજ્જા, બુદ્ધિ, મતિ - પ્રજ્ઞા, શક્તિ ઇત્યાદિને સત્યમાર્ગે વાળીએ. આપણો પારલી કુંવર, સ્થૂળ નહિ, પણ ચિત્તમાં પ્રગટતો પ્રથમ ભાવ તે અહંકાર કે ક્રોધ તેજ મહિષાસુર છે. તેને કાબુમાં રાખવા માટે બુદ્ધિને, વિચાર-શક્તિને સન્માર્ગે વાળીએ એ જ દુર્ગાનું સાચું પૂજન છે. માતા દુર્ગા - અંબા કે મહાલક્ષ્મી આપણને તે માટે પૂરતી શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે.

# ન્યાયલયના અપમાન અંગે દંડ તથા સજાની જોગવાઈ

## ભારતીય દંડ સહિતાની કલમ ૧૭૨ થી ૧૯૦

### વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



ન્યાયલયના આદેશોનો ભંગ કરવો એક ગંભીર અપરાધ ભારતીય દંડ સહિતાની કલમ ૧૭૨ થી ૧૯૦ માં ગણવામાં આવ્યો છે.

સંવિધાનમાં રાજય વ્યવસ્થાના સંચાલન માટે અનુશાસન માટે ન્યાયાલના હુકમને સર્વોચ્ચ માનવામાં આવેલ છે પરંતુ ન્યાયાધિશના હુકમની રાજય શાસકો દ્વારા કે રાજયના જવાબદાર અધિકારીઓ દ્વારા અપમાન કરવામાં આવે તો ન્યાયાલયના આદેશના ભંગ બદલ કન્ટેમ્પ ઓફ કોર્ટની કાર્યવાહી ન્યાયાધિશ રાજય સેવકો ઉપર કરી શકે છે. જયારે ન્યાયાલય દ્વારા કાર્યપ્રણાલીના જવાબદાર અધિકારીઓને કાર્ય કરવા અગર તો ના કરવા માટે આદેશ કરવામાં આવે તો ન્યાયની ગરીમા જળવાતુ નથી પ્રજામાં ન્યાય તંત્ર ઉપરનો ભરોસો ઉઠી જાય છે. પ્રજા તંત્ર એ લોક તંત્રમાં સર્વોપરી છે જેને સરકાર દ્વારા લોક તંત્રના પ્રજાજનોને રક્ષણની જગ્યાએ ભક્ષણ થવા જાય કે અન્યાય થાય તો તેના માટે ન્યાય તંત્રને ફરીયાદ કરી શકે છે અને ન્યાય તંત્રને રાજયના સેવકની ભૂલ જણાય તો આદેશાત્મક હુકમ કરી પ્રજા તંત્રને ન્યાય અપાવી શકે છે. જે આદેશની અવહેલના રાજય સેવક દ્વારા કરવામાં આવે અને દોષિત જણાય તો ન્યાયપાલીકા રાજય સેવકને ભારતીય દંડ સહિતાની કલમ ૧૭૨ થી ૧૯૦ મુજબ કસુરવાર ગણી ન્યાયપાલીકાના અપમાન બદલ દંડ તથા સજા બન્ને કરી આદેશાત્મક હુકમનું તાત્કાલીક અસરથી પાલન કરવા ફરજ પાડી શકે છે. આપણી કાયદાકીય વ્યવસ્થામાં ન્યાયપાલીકાને અધિકાર આપેલ છે જેમાં કોઈ વ્યકિત અગર સંસ્થા ન્યાયપાલીકા સામે અપમાનજનક વ્યવહાર કરે તો ન્યાય પ્રાપ્ત કરનાર વ્યકિતનો સમય, ધન વ્યય થાય છે અને માનસીક યાતના ભોગવવી પડે છે જે બદલ કસુરવાર રાજય સેવક સામે ન્યાયાલયના અપમાન બદલ દંડિત કાર્યવાહી થઈ શકે છે.

સુપ્રિમ કોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ નથી કેટલાક કિસ્સાઓમાં રાજય સેવક કસુરવાર ઠરે તો પણ ન્યાયપાલીકા દ્વારા કઠોર પગલા ભરવામાં આવતા નથી. રાજય સેવક ફકત નામદાર કોર્ટની માફી માંગી લેતા વિવાદનો ન્યાયતંત્ર અંત લાવે છે જેથી પણ ન્યાયાલયના આદેશોનો પાલન ના કરવામાં રાજય સેવકને ભય રહેતો નથી. એકતરફ રાજકીય વગ આધિન અધિકારીઓ મનમાની કરે છે તો બીજી તરફ કાયદા પ્રત્યે ન્યાયતંત્ર ઉપરથી લોકોનો વિશ્વાસ ઘટતો જાય છે. પરિણામે આમ આદમી પ્રજાજન કાયદો હાથમાં લઈ ગુન્હાહિત પ્રવૃત્તિ કરે છે જેનો તાજેતરનો દાખલો નાગાલેન્ડમાં બળાત્કારના આરોપીને પ્રજાએ આપેલ સ્વૈચ્છીક સજાનો છે. જે પ્રજાનો ન્યાય તંત્રમાં અવિશ્વાસનો ભયનો દાખલો છે. રાજય સેવકોની ગંભીર ઉપેક્ષાનો ભંગ ન્યાયપાલીકા પ્રત્યે જનતાનો અવિશ્વાસ અને અનઅપેક્ષીત દુષ્કૃત્ય કરવા પ્રેરાય છે અને કાયદો હાથમાં લેતા પણ પ્રજા અચકાતી નથી અને પરિણામે કાયદા અને વ્યવસ્થાની સ્થીતિ ભયજનક સપાટી વટાવે છે અને આમ જનતા જ પોતાની મરજીથી વિચારોથી ન્યાયાધિશ બની તાત્કાલીક કસુરવારને સરેઆમ સજા આપે છે અને રાજય સેવકો મુક પ્રેક્ષકો બની તમાશો જોતી રહે છે. ભૂતકાળમાં ભારતમાં ત્રણ કરોડથી પણ વધારે કેસો પ્રજા તંત્રના સરકાર તંત્ર સામે ચાલે છે. ન્યાયાલય અવમાન અધિનિયમ ૧૯૭૧ મુજબ સીવીલ કન્ટેમ્પટ અને ક્રિમીનલ કન્સ્ટેમ્પટની કાર્યવાહી ન્યાયાલય કસુરવાર રાજય સેવક સામે કરી શકે છે હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના જજને આ માટે અબાધિત સત્તા આપવામાં આવેલ છે કે તેમની સમક્ષ આમ આદમીએ રાજય સેવક કસુરવાર ઠરે તો દંડાત્મક આદેશ કરી શકે છે. ભારતીય દંડ સહિતાના પ્રકરણ ૧૦ માં કલમ ૧૭૨ થી ૧૯૦ માં આ માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

ઉચ્ચ ન્યાયાલયના જજે રાજય સેવક સામે કરેલ દંડાત્મક કાર્યવાહી સામે અપીલની જોગવાઈ નથી ભૂલ સ્વીકારી રાજય સેવકે કોર્ટના અપમાન ફરી નહી થાય તેવું બાંહેધરી પત્ર આપવાનું રહે છે તથા કોર્ટ ફરમાવે તેટલો દંડ રાજય સેવકે ભરપાઈ કરવો પડે છે અને અરજી કરનારને કોર્ટના આદેશ અનુસાર ન્યાય આપવામાં સહાયતા કરવી પડે છે. ન્યાયાધીશો કેટલીક વખત આ અમોઘ શસ્ત્રનો દુર ઉપયોગ કરે છે. જે ગંભીર અને ચિંતાજનક બાબત છે જેમાં હાલ કોઈ સુધારાત્મક અભિપ્રાય કે માર્ગદર્શન ન્યાયાલયના આદેશોનું રાજય સેવકો દ્વારા પાલન નહી કરવાના કારણે પ્રજાનો રોષ ભભૂકતા ન્યાય કાયદો અને ન્યાયપાલીકાના રક્ષકોને ભસ્મીભૂત કરી કાયદાના લીરેલીરા ઉડે છે. ત્યારબાદ ન્યાયપાલીકા દ્વારા ઉચ્ચ રાજય સેવકોને પદભ્રષ્ટ કરીને માત્ર સબ સલામતનો અહેસાસ પ્રજાને કરે છે. હવે સમય આવી ગયો છે કે ન્યાયાલયના અપમાન કે અવમાનના કાયદામાં વિશેષ સંશોધન કરવામાં આવે તેમજ અવમાનના કાયદાનો દુર ઉપયોગ કરવા સામે ન્યાયાધીશોને પણ દંડિત કરવામાં આવે. સંવિધાનની કલમ ૧૯(૧)(૨) માં નાગરિકોને અભિવ્યકિતની સ્વતંત્રતા આપે છે તેમજ કલમ ૧૨૯ થી ૨૧૫ સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટને ન્યાઈક અવમાનના માટે કાર્યવાહી કરવાની સત્તા આપી છે હવે સમય પાકી ગયો છે કે ન્યાયાલ અવમાનના અધિનિયમ ૧૯૭૧ માં સમીક્ષક, વિશ્લેષણ કરવામાં આવે.

# કોઇ પણ વખત, ડનલોપના ગાદલાં સિવાય, રમણીકરાય સુતા નહિ એવા તેમને આજે ફક્ત છાણ તથા ગંગાજળના લીપણમાં સુતેલાં જોઇ, રમાલક્ષ્મીને ખૂબ જ દુઃખ થાય છે

## અધુરાં સ્વપ્નો

- નિરંજન ઓઝા

ભાવનગર શહેરમાં ખૂબ જ વિકસિત એવા વાઘાવાડી વિસ્તારમાં શ્રીયુત્ત રમણીકરાય શાશ્વત બંગલામાં રહે છે. પરિવારમાં ધર્મપત્ની રમાદેવી, પુત્ર કેશવ, પુત્ર-વધુ કલ્યાણી તથા પૌત્ર કવન ઉર્ફે બન્ટી છે. રમણીકરાય છેલ્લા પાંચ વર્ષ ભાવનગરની આઇ.ટી. કચેરીમાં વર્ગ-૧માં નિવૃત્ત અધિકારી છે. શરીરે સશક્ત એવા રમણીકરાય તેમનાં રોજીંદા કાર્યમાં બહુ જ નિયમિત છે, સવારે ધર્મપત્ની રમાલક્ષ્મીના હાથની ચ્હા પીવે નહિ, ત્યાં સુધી દૈનિક કાર્યની શરૂઆત થાય નહિં. આજે સવારે સાત વાગ્યા છતાં, ધર્મપત્ની ઉઠ્યા નથી, ચ્હા મળી નથી તેથી આકુળ-વ્યાકુળ છે. બેડરૂમમાં જતાં, ધર્મપત્નીને ઉઠાડ્યા સિવાય સુતેલાં જૂએ છે. કપાળમાં મોટો ચાંદલો અસ્ત-વ્યસ્ત સાડી તેમજ હસતાં મોઢાને જોતાં, યુવાનીની યાદ આવે છે. તેમને લાગે છે કે ધર્મપત્નીના હોઠ તેમને સ્પર્શવા આમંત્રણ આપી રહ્યા છે. તેથી નીચા નમે છે. આગળ વધતાં તેમના ધર્મપત્ની સફાળા જાગી જતા... આઘા ખસ્સો... બન્ટુ આવતો જ હશે... આજે નહિ પરંતુ હવે પછી તમારું આમંત્રણ... આમ, બોલતા, રસોડા તરફ દોડતાં... તમારી ચાહ લઇ આવું કહેતા જાય છે.

રમાલક્ષ્મીને ખબર છે કે ઠંડીની સિઝન છે તેથી તેમને આદુ નાખેલી ચ્હા, સવારના બહુ જ ભાવે છે. તેથી ચ્હા લાવે છે. તમારા હાથની ચ્હા સવારે પીતો નથી ત્યાં સુધી મારાથી બીજું કામ થઇ શકતું નથી. તેના પ્રત્યુત્તરમાં મજાકમાં રમાલક્ષ્મી જણાવે છે કે તમારી ચ્હા બનાવું નહિં ત્યાં સુધી મારી સવાર પડતી નથી. સવારના આ બંનેના પ્રેમાળ શબ્દોની આપ-લે થયા પછી રમણીકાય ઘર આંગણાના બગીચાની સાફ-સૂફી તેમજ સફાઇ માટે તેમજ રમાલક્ષ્મી નાહી-ધોઇ ઘરના કામકાજ માટે કાર્યરત થાય છે.

રમાલક્ષ્મી નાહીં-ધોઇ, પૂજાના ફળ લેવા, આગણાનાં બગીચે આવે છે ત્યારે રમણીકરાય ખુરશીમાં બેસી હાફતાં હોય છે, તેમના ચશ્મા તથા પેપર નીચે પડેલાં હોય છે. અને આવી પરિસ્થિતિમાં જોતાં ચીસ સાંભળી, પુત્ર-પુત્રવધુ બહાર આવે છે. એ પોતાના પિતાને આવી પરિસ્થિતિમાં જોઇ, ગભરાય જાય છે. તુરત જ ડોકટરને ઘરે બોલાવવામાં આવે છે અને તેમની ભલામણાનુસાર મોટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે ત્યાં ડોકટરો તથા બીજા તજજ્ઞ ટ્રીટમેન્ટ શરૂ કરી દે છે. કલાક-દોઢ કલાક પછી જણાવે છે કે અમારાં અથાગ પ્રયત્નો પછી રમણીકરાયને તીવ્ર હાર્ટએટેક આવ્યો હોવાથી બચાવી શક્યા નથી. તેઓ હવે આપણી વચ્ચે રહ્યા નથી.

સારા-નરસાં - સશક્ત એવા રમણીકરાયને અચાનક આવી પરિસ્થિતિ ઊભી થતાં, શબને ઘરે લાવવામાં આવે છે. કોઇ પણ વખત, ડનલોપના ગાદલાં સિવાય, રમણીકરાય સુતા નહિ એવા તેમને આજે ફક્ત છાણ તથા ગંગાજળના લીપણમાં સુતેલાં જોઇ, રમાલક્ષ્મીને ખૂબ જ દુઃખ થાય છે. સ્નેહીજનોને જાણ થતા આવે છે, હાથમાં ફૂલ લઇ મૃતકની આજુબાજુ ફરી, પુષ્પ મુકી, આશ્વાસન આપી છૂટા પડે છે. પોતાની પુત્રવધુ હવે હાથમાં ફૂલ લઇ, મૃતકની પ્રદક્ષિણાં કરે છે. પહેલાં છાતી ઉપર ફૂલ મુકે છે, આગળ વધતાં પગ ઉપર ફૂલ મુકતા જતાં, રમાલક્ષ્મી ટકોરે છે કે બેટાં કલ્યાણી ધ્યાન રાખજે, તેમના પગે સોજો છે તેથી દુઃખે નહીં, દુઃખી અવાજે બોલતાં, પોતાની માતા પાસે પુત્ર કેશવ તથા પુત્રવધુ કલ્યાણી આવી, માતાને શાંત્વના આપે છે અને બંનેના ટેકાથી અત્યાર સુધી મુક રહેલાં રમાલક્ષ્મી ઊભા થાય છે. તેમના હાથમાં ફૂલો આપી, પ્રદક્ષિણા કરાવે છે. છાતી ઉપર ફૂલો મૂકતાં, આજે સવારે તમારું અધુરું રહેલ કાર્ય પુર્ણ કરવા નીચે નમે છે. પરંતુ પુત્ર-પુત્રવધુને લાગે છે કે બા લથડીયા ખાય છે. તેથી પકડી રાખે છે. મનોમન પશ્ચાતાપ કરે છે કે આજે પણ હું તમારી ઇચ્છા પૂર્ણ કરી શકી નહીં તો માફ કરશો, આવતાં જન્મે પૂર્ણ કરવા વચન આપું છું તમે સોસાયટીની બહાર જતાં હંમેશા મને જયશ્રી કૃષ્ણ - જયશ્રી કૃષ્ણ કહીને જતાં, આજે આટલી લાંબી અનંતયાત્રા એ જતાં મને જયશ્રી કૃષ્ણ - જયશ્રી કૃષ્ણ કહ્યાં સિવાય કેમ જતાં રહ્યાં? મનમાં આમ સંબોધન કરતાં હોય છે ત્યારે મૃતકનાં દેહમાંથી આજ સંભળાય છે કે રમાલક્ષ્મી હું અનંતયાત્રાએ જાઉં છું પાછો નહીં આવું, આપણે હવે મળશું નહિં, મારા જયશ્રી કૃષ્ણ - જયશ્રીકૃષ્ણ, અચાનક આ સાંભળી રમાલક્ષ્મી પ્રત્યુત્તર આપે છે કે ઉભા રહો પ્રાણનાથ ઊભા રહો... હું તમારી સાથે જ આવું છું. આમ કહેતાં રમાલક્ષ્મી, રમણીકલાયના પગ પાસે ફસડાઇ પડે છે.